કેન્દ્ર પુરસ્કૃત પરંપરાગત કૃષિ વિકાસ યોજનાના અમલીકરણ માટે રાજ્ય તેમજ જિલ્લા કક્ષાની સમિતીઓની રચના તેમજ તેના કાર્યો નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર,
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
ઠરાવ ક્રમાંકઃપકવ/૧૦/૨૦૧૮/૯૫૫/ક.૫
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૮/૦૭/૨૦૧૮

કૃષિ અને સહકાર વિભાગ
ક્રમાંક. ..........
JUL 2018

<u>વંચાણે લીધાઃ</u>

(૧) ભારત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગના તા.૩૦/૫/૨૦૧૮ ના પત્ર ક્ર.:9-15/2018-Org.Fmg થી મળેલ રીવાઇઝડ ગાઇડલાઇન્સ

(૨) ખેતી નિયામકશ્રીની કચેરીનો તા.૨૨/૬/૨૦૧૮ નો પત્ર ક્ર.આઇક્યુ/ એસ.ટી.એલ./પી.કે.વી.વાય/ફા.નં.૧૯૦/૩૯૫૭૨/૨૦૧૮

<u>આમુખઃ</u>

કેન્દ્ર પુરસ્કૃત નેશનલ મિશન ફોર સસ્ટેનેબલ એગ્રીકલ્ચર અંતર્ગત પેટા ઘટક "પરંપરાગત કૃષિ વિકાસ યોજના" નો મુખ્ય ઉદ્દેશ સજીવ ખેતીમાં પરંપરાગત જ્ઞાન અને આધુનિક મિશ્રણ દ્વારા શ્રેષ્ઠતાના મોડલ વિકાસ કરવાનો છે. જેમાં કૃષિ રસાયણોનો લાંબા ગાળા માટે ઉપયોગ કર્યા સિવાય જમીનની ફળદ્રુપતા ટકાવી રાખવાનો, કુદરતી સ્ત્રોતોના સંરક્ષણ અને સલામત ઉપયોગ કરવાનો અને તંદુરસ્ત ખોરાક વિવિધ ઓર્ગેનિક પ્રેક્ટીસ દ્વારા ઉત્પાદન કરવાનો છે. ખેડૂતોના બાહ્ય ઇનપુટ પરના અવલંબનને ઓછુ કરવા, જમીનની ફળદ્રુપતા જાળવવા, કુદરતી સ્ત્રોત આધારિત સંકલિત અને ટકાઉ ખેતી પધ્ધતિને પ્રોત્સાહિત કરવાનો છે. ખેડૂતો અને ક્લસ્ટર્સને પ્રોસેસીંગ, વેલ્યુ એડીશન અને સર્ટીફીકેશન માં સશક્તિકરણ  કરવાનો છે. ટકાઉ સંકલિત સજીવ ખેતી દ્વારા ખેતી ખર્ચ ઘટાડવો અને એકમ દીઠ ચોખ્ખી આવક વધારવાનો છે. માનવ આહાર માટે સલામત અને પોષક આહાર માટે ઇકો ફ્રેન્ડલી ઓછી કિમંતની પરંપરાગત તકનીકોનો ઉપયોગ કરી પર્યાવરણને જોખમી અકાર્બનિક  રસાયણોથી બચાવવાનો છે. ખેડૂતોને સ્થાનિક અને રાષ્ટ્રીય બજારો સાથે સીધા જોડાણથી સાહસિક બનાવવાનો છે.

કેન્દ્ર પુરસ્કૃત પરંપરાગત કૃષિ વિકાસ યોજના હાલમાં અમલમાં છે. ભારત સરકારશ્રી દ્વારા સંદર્ભ પત્ર- (૧) થી બહાર પાડવામાં આવેલ નવી ઓપરેશનલ ગાઇડલાઇન્સ મુજબ કેન્દ્ર પુરસ્કૃત પરંપરાગત કૃષિ વિકાસ યોજનાના સુચારુ અમલીકરણ માટે રાજ્ય કક્ષાએ તેમજ જીલ્લા કક્ષાએ સમિતીઓનું ગઠન તેમજ તેના કાર્યો નક્કી કરવા

જરૂરી બને છે. તેથી ખેતી નિયામકશ્રીએ વંચાણે લીધા ક્રમ (૨) માં દર્શાવેલ પત્રથી રાજ્ય કક્ષાની સમિતી અને તેના કાર્યો તેમજ જિલ્લા કક્ષાની સમિતી અને તેના કાર્યો નક્કી કરવા કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

પુખ્ત વિચારણાના અંતે કેન્દ્ર પુરસ્કૃત પરંપરાગત કૃષિ વિકાસ યોજનાના અમલીકરણ માટે રાજ્ય કક્ષાની સમિતી અને તેના કાર્યો તેમજ જિલ્લા કક્ષાની સમિતી અને તેના કાર્યો નીચે મુજબ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

રાજ્ય કક્ષાની સમિતી :

| અ.નં | અધિકારીશ્રીનું નામ | સમિતીમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | સચિવશ્રી / અગ્રસચિવશ્રી / અધિક મુખ્ય સચિવશ્રી(કૃષિ) | અધ્યક્ષશ્રી |
| ૨ | ખેતી નિયામકશ્રી, | સભ્ય સચિવશ્રી |
| ૩ | બાગાયત નિયામકશ્રી | સભ્ય |
| ૪ | વિકાસ કમિશ્નરશ્રી (પંચાયતી રાજ) | સભ્ય |
| ૫ | ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી | સભ્ય |
| ૬ | પશુપાલન નિયામકશ્રી, | નિષ્ણાંત સભ્ય |
| ૭ | મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી. | નિષ્ણાંત સભ્ય |
| ૮ | રાજ્યની તમામ કૃષિ યુનિવર્સીટીઓના સંશોધન નિયામકશ્રીઓ | નિષ્ણાંત સભ્ય |
| ૯ | RCOF – ગાંધીનગરના પ્રતિનિધીશ્રી | નિષ્ણાંત સભ્ય |
| ૧૦ | નિયામકશ્રી, સમેતી, ગાંધીનગર | નિષ્ણાંત સભ્ય |
| ૧૧ | પ્રગતિશીલ ખેડૂતો | નિષ્ણાંત સભ્ય |

રાજ્ય કક્ષાની સમિતીના કાર્યો :

(૧) જીલ્લામાંથી મળેલ એકશન પ્લાનના આધારે રાજ્યનો વાર્ષિક એક્શન પ્લાન તૈયાર કરી રાજ્ય કક્ષાની એક્ઝીક્યુટીવ કમિટીમાં (SLEC) મંજુર કરાવી, ત્યારબાદ ભારત સરકારશ્રીની એક્ઝીક્યુટીવ કમિટીને મોકલાવવાનો રહેશે.

(૨) યોજનાના અમલીકરણ માટે ભારત સરકારશ્રીના "કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ" વિભાગ પાસેથી ભંડોળ મેળવવું અને અમલીકરણ કરી, તેની દેખરેખ અને કાર્યક્રમોની સમિક્ષા કરવાની રહેશે. INM વિભાગ/NCOF/RCOF ને મોનીટરીંગની કામગીરી માટે સગવડ પુરી પાડવાની રહેશે.

(૩) યોજનાનું અમલીકરણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે ત્યારે ક્લસ્ટરને બજાર સાથે જોડવાનું લક્ષ્ય યોગ્ય રીતે પુરૂ પડેલ છે કે કેમ? તેમજ યોજના બંધ થતા પહેલા ખેડૂતો બજાર સાથે જોડાયેલા છે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૪) સપોર્ટ એજન્સીની પસંદગી (જો તે જાતે અમલીકરણ ન કરતી હોય તો ) રાજ્યની નિર્ધારીત પ્રક્રિયા મુજબ પારદર્શક રીતે કરવાની રહેશે.

(૫) યોજનાની કામગીરીની સિધ્ધી અનુસાર સપોર્ટ એજન્સીને ફંડ આપવાનું રહેશે. તેમજ ખેડૂતોને/ખેડૂત જુથોને આપવા પાત્ર સહાય DBT મારફત તેમના ખાતામાં સીધી જમા કરાવવાની રહેશે.

(૬) રાજ્ય અને જીલ્લા કક્ષાએ તમામ જુથ /સ્ટેકહોલ્ડર્સ માટે વર્કશોપ, સેમીનાર અને તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવું.

(૭) યોજના માટે માહિતી સંચાર વ્યવસ્થાપન (ICT) ને સક્રિય કરવા ગ્રામ્ય કક્ષા સુધી માળખુ ગોઠવવું.

(૮) યોજનાના અમલીકરણ, મોનીટરીંગ સંબંધિત તમામ પ્રવૃતિઓનું નિરીક્ષણ કરવું.

(૯) યોજનાકીય કુલ નાણાંકીય જોગવાઇના ૨% ગ્રાન્ટ/ફંડ વહીવટી તેમજ અન્ય કંટીજન્સી ખર્ચ માટે રાખી શકાશે. ૨% થી વધારેનો ખર્ચની રાજ્ય સરકારે એ પોતાના ભંડોળમાંથી ઉધારવાનો રહેશે.

(૧૦) વિભાગ તથા અન્ય નિયુક્ત અમલીકરણ એજન્સીએ શક્ય હોય ત્યાં યોજનાના અમલીકરણમાં પંચાયતી રાજ સંસ્થા સક્રિય રીતે ભાગ લે તે જોવું.

(૧૧) નિદર્શન અને ખેડૂત તાલીમમાં પંચાયતી રાજ સંસ્થાનો સમાવેશ કરવો. તથા નજીકના વિસ્તારના વધુમાં વધુ ખેડૂતો તેમાં ભાગ લે તે માટે ટેકનોલોજીનો બહોળો પ્રચાર-પસાર કરવો.

(૧૨) સજીવ ખેતી માટે વિસ્તારની પસંદગી કરતી વખતે મહિલા ખેડૂતો/ગ્રાંમીણ વિકાસ મંત્રાલય હેઠળના મહિલા સ્વંય સહાયતા જુથોને પ્રાથમિકતા મળે તે મુજબ રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવું.

(૧૩) અન્ય વિભાગની સરકારી યોજના સાથે સંકલન કરી ક્લસ્ટર વધુ અસરકારક અને કાર્યાત્મક બને તે જોવું.

(૧૪) યોજનાના ઘટકવાર અમલીકરણ માટે રાજ્યના નોડલ વિભાગ અને સંલગ્ન વિભાગો સાથે નિયમિત મીટીંગ યોજી દેખરેખ રાખવી.

જિલ્લા કક્ષાની સમિતી :

| અ.નં | અધિકારીશ્રીનો હોદ્દો | સમિતીમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨ | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |

| | | |
|---|---|---|
| ૩ | નાયબ બાગાયત નિયામકશ્રી | સભ્ય |
| ૪ | નાયબ ખેતી નિયામકશ્રી(વિસ્તરણ) | સભ્ય |
| ૫ | નાયબ ખેતી નિયામકશ્રી (તાલીમ ) | સભ્ય |
| ૬ | નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી | સભ્ય |
| ૭ | કૃષિ યુનિવર્સીટીના સહ સંશોધન નિયામકશ્રી | નિષ્ણાંત સભ્ય |
| ૮ | કૃષિ વિજ્ઞાન કેન્દ્રના પ્રતિનિધીશ્રી | નિષ્ણાંત સભ્ય |

જિલ્લા કક્ષાની સમિતીના કાર્યો :

(૧) જીલ્લા કક્ષાનો વાર્ષિક એક્શન પ્લાન તૈયાર કરી સમિતીમાં મંજુર કરાવી, રાજ્ય કક્ષાએ મોકલી આપવાનો રહેશે.

(૨) જિલ્લા કક્ષાની સમિતીએ માસિક બેઠક બોલાવવી અને ઘટકવાર પ્રગતિની સમિક્ષા કરવી.

(૩) યોજનાના અમલીકરણ, મોનીટરીંગ સંબંધિત તમામ પ્રવૃતિઓનું નિરીક્ષણ કરવું

(૪) રાજ્ય કક્ષાની સમિતીને જીલ્લાની પરિસ્થિતી મુજબ તાંત્રિક સુચનો કરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભરત ડી.વ્યાસ)
સેક્શન અધિકારી,
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

૧. ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય,ગાંધીનગર

૨. કમિશ્નરશ્રી, પંચાયતી રાજ, ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૬/૨, ગાંધીનગર

૪. કમિશનરશ્રી, ગ્રામ વિકાસ , ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૬/૩, ગાંધીનગર

૫. કુલપતિશ્રી, કૃષિ યુનિવર્સિટી (આણંદ, નવસારી, જુનાગઢ, દાંતીવાડા)

૬. બાગાયત નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, કૃષિભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર

૭. નિયામકશ્રી, આત્મા અને સમેતી, કૃષિભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર

૮. પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, કૃષિભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર

૯. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી.

૧૦. RCOF – ગાંધીનગરના પ્રતિનિધીશ્રી

૧૧. સેક્શન અધિકારીશ્રી, આઇ ટી શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ તરફ વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ.

૧૨. સીલેક્ટ ફાઇલ